કેસ પ્રાપ્તી તારીખ–૨૮/૦૨/૨૦૨૪
કેસ દાખલ તારીખ–૨૮/૦૨/૨૦૨૪
કેસ નિર્ણીત તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬
અવધી ૦૨ વર્ષ ૦૦ માસ ૧૪ દિવસ

**<u>નર્મદા જીલ્લાના સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ, મું. રાજપીપળા.</u>**

**<u>ક્રીમીનલ અપીલ નંબર–૧૯/૨૦૨૪</u>**

**આંક–**

સુધીરભાઈ મનુભાઈ પટેલ
ઉ.આ.વ. ૪૭, ધંધો–ખેતી
મૂળ રહેવાસી– વરખડ,
તા. નાંદોદ, જી. નર્મદા.
હાલ રહેવાસી–વડોદરા ....................................... **એપેલન્ટ**

**<u>વિરૂધ્ધ</u>**

૧. જયેશભાઈ સરાધભાઈ વસાવા
ઉ.આ.વ. ૪૫, ધંધો– વેપાર
સરનામું– મોતીબાગ, રાજપીપળા,
તા. નાંદોદ, જી. નર્મદા.

૨. સરકારશ્રી .................................. **રીસ્પોન્ડન્ટસ**

**<u>અપીલ–</u>** બી.એન.એસ.એસ.ની કલમ–૪૧૫ અન્વયે અપીલ.

---

એપેલન્ટ તરફે વિ.વ.શ્રી **બી. એમ. રામી**
રીસ્પોન્ડન્ટ નંબર–૧ તરફે વિ.વ. શ્રી **કે.જે. તડવી**
રીસ્પોન્ડન્ટ નંબર–૨ સરકાર તરફે વિ.પી.પી.શ્રી **જે.જે. ગોહીલ**

---

**–: ચૂ કા દો :–**

(૧) આ કામના એપેલન્ટ/મૂળ આરોપીએ હાલની અપીલ દાખલ કરી રાજપીપળાના વિ. સેકન્ડ એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફર્સ્ટ કલાસશ્રી ધ્વારા ફોજદારી કેસ નંબર–૮૦૨/ ૨૦૧૯ ના કામે થયેલ સજા અને દંડના તારીખ–૧૧/૧/૨૦૨૪ ના હુકમને પડકારેલ છે. વિ. ટ્રાયલ કોર્ટે સદરહુ ફોજદારી કેસ નંબર–૮૦૨/૨૦૧૯ ના કામે આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તથા ચેકની રકમ રૂ.૮,૫૦,૦૦૦/– પુરાની રકમ આરોપીએ ફરીયાદીને ચૂકવી આપવી અને જો તેમ કરવામાં કસૂર કરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા આરોપીએ ભોગવવી તેવો હુકમ કરેલ છે અને તે હુકમને એપલન્ટ/ આરોપી તરફથી અત્રેની કોર્ટમાં પડકારેલ છે.

(૨) હાલનું કામ સુનાવણી માટે રાખવામાં આવતા, સુનાવણી દરમ્યાન એપેલન્ટ/આરોપી તથા રીસ્પોન્ડન્ટ નંબરઃ ૧/ફરીયાદી ધ્વારા **આંક–૩૪** થી સમાધાન પુરસીસ રજૂ કરેલ છે અને જેના ઉપર ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી તેમજ આરોપી તથા તેમના વિ.વ.શ્રીએ સહીઓ કરેલ છે તથા એપેલન્ટ પાસેથી લ્હેણી રકમ મૂળ ફરીયાદીને મળી ગયેલ છે અને પક્ષકારો વચ્ચે હવે કોઈ રકમની તકરાર રહેતી નથી તથા એપેલન્ટને વિ. ટ્રાયલ કોર્ટે સજા કરેલ છે તેમાંથી મુકિત આપી છોડી મુકવા જણાવેલ છે. સદર બંને પક્ષ સદરહુ આંક–૩૪ નું સમાધાન ખૂલ્લી અદાલતમાં સ્વીકારતા હોઈ તે સમાધાન આંક–૩૪ થી હાલની અપીલમાં દાખલ કરવામાં આવેલ છે તથા પક્ષકારોના વિ.વ.શ્રીઓએ પણ સદરહુ સમાધાન મુજબ હાલની અપીલ લોક અદાલતમાં ફેંસલ કરવા જણાવેલ છે.

(૩) આ કોર્ટ ધ્વારા ઉપરોકત હકીકતે પક્ષકારો વચ્ચે ઘરમેળ રાજીખુશીથી સમાધાન થયેલ હોવાનું અને તે અન્વયે પક્ષકારો તરફે રજૂ કરવામાં આવેલ સમાધાન પુરસીસ તથા વિ. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ અને અન્ય પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે. આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો સમાધાન લાયક હોઈ અને અગાઉ જણાવ્યા મુજબ પક્ષકારો વચ્ચે રાજીખુશીથી લોક અદાલતમાં સમાધાન થયેલ હોવાથી, સમાધાન મંજુર કરી વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવો ન્યાયોચિત જણાતું હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

આ કામે આંક–૩૪ થી રજૂ થયેલ સમાધાન પુરસીસ મુજબ, આંક–૩૪ મુજબનું સમાધાન આજરોજ લોક અદાલતમાં મંજુર કરવામાં આવે છે અને તે સમાધાન મુજબ એપેલન્ટ /આરોપી સુધીરભાઈ મનુભાઈ પટેલ, મૂળ રહેવાસી– વરખડ, તા. નાંદોદ, જી. નર્મદા તથા હાલ રહેવાસી–વડોદરાવાળા ધ્વારા રજૂ કરવામાં આવેલ ક્રીમીનલ અપીલ નંબર–૧૯/૨૦૨૪ આથી **મંજુર** કરી વિ.ટ્રાયલ કોર્ટે ક્રીમીનલ કેસ નંબર–૮૦૨/૨૦૧૯ ના કામે તારીખ–૧૧/૧/ ૨૦૨૪ ના રોજ કરેલ સજાનો હુકમ રદ કરવામાં આવે છે અને એપેલન્ટ /આરોપીને સદરહુ આંક–૩૪ ના સમાધાન મુજબ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે અને તે મુજબ હાલની અપીલ ફેંસલ કરવામાં આવે છે.

આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલત તરફથી કાઢવામાં આવેલ વોરન્ટ રદ કરવામાં આવે છે.

અપીલ ખર્ચ અંગે અલગથી હુકમ કરવામાં આવતો નથી.

આ અંગેની જરૂરી યાદી સંબંધીત કોર્ટને કરવી અને જો રેકર્ડ મંગાવેલ હોય તો સંબંધીત કોર્ટને પરત મોકલી આપવું.

હુકમ આજરોજ તારીખ–૧૪, માર્ચ ૨૦૨૬ ના રોજની રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

તારીખ–૧૪/૩/૨૦૨૬
સ્થળ– રાજપીપળા.
રાષ્ટ્રીય લોક અદાલત

**(રમેશકુમાર ઠાકોરભાઈ પંચાલ)**
સેશન્સ જજ, નર્મદા
મું. રાજપીપલા.
**(યુ.આઈ.કોડ નં. જી.જે. ૦૦૪૧૩)**